# આપણી સાંસ્કૃતિક વિરાસતની સુંદરતા







આપણી સાંસ્કૃતિક વિરાસતમાં ઘણી જ સુંદરતા સમાયેલી છે એ વાત આપણે સારી પેઠે જાણીએ છીએ. પરંતુ દોડતા આધુનિક યુગમાં આપણે ઘણીવાર આ વાત ભૂલી જઈએ છીએ અને આવાં દશ્યો જ્યારે આંખ સામે આવે ત્યારે આપણને એ વાત પુનઃ સાંભરે છે. આ તસવીરો રવિવારે અમદાવાદના ખાડિયા વિસ્તારની વંદના વિશ્રામ સ્કૂલ પાસે મોટા સુથારવાડા સ્થિત જગદીપભાઈ મહેતાના ઘરે લેવામાં આવી છે. ગાંધીનગરના ત્રણ યુવા તસવીરકારો કમલેશ શાહ, ઉત્પલ વાઘેલા અને નકુલ આચાર્ય રવિવારે ખાડિયાની હૅરીટેજ વૉક પર નીકળ્યા હતા ત્યારે આ તસવીરો કમલેશ શાહ દ્વારા લેવામાં આવી હતી. આ હૅરીટેજ હોમમાં માત્ર ઘર જ નહીં, એમાં રાખવામાં આવેલી અનેક વસ્તુઓ પણ આપણા પુરાતન અને સમૃદ્ધ વારસાની યાદ અપાવે એવી હતી. સાદગીમાં સુંદરતા અને સુંદરતામાં ભવ્યતાનો અનોખો સંગમ અહીં જોવા મળે છે.

## કુંદનબેનના પુસ્તક 'આસ્વાદ'નું લોકાર્પણ કરાયું



ગાંધીનગર, તા. ૨૦

સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ, ગાંધીનગરનાં નિવૃત્ત શિક્ષિકા કુંદનબેન દવેના પુસ્તક 'આસ્વાદ'નું વિમોચન આજે ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

શ્રીમદ્ ભગવદ ગીતાનો બોધ ઉર્દૂના સુપ્રસિદ્ધ સાયર અનવર જલાલપુરીએ 'ઉર્દૂ શાયરી મેં ગીતા' ગ્રંથમાં સુંદર રીતે પ્રસ્તુત કર્યો છે. કુમુદબેન દ્વારા આ અદ્દ્ભૂત રચનાનો ગુજરાતીમાં પદ્યાનુવાદ કરવામાં આવ્યો છે. આજે સવારે હૉટલ ફૉર્ચ્યુન ઈન હવેલી, સૅક્ટર-૧૧ ખાતે આ પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ધોળેશ્વર મહાદેવના મહંતશ્રીના હસ્તે આ પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઉર્દુ શાયર અનવર જલાલપુરી તથા નગરના અગ્રણી અનેક સાહિત્યકારો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : કાંતિલાલ શર્મા)


**જન્મદિને વધામણી**



**આર સી રાવલ**
કારોબારી સભ્ય, ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ
મો. ૯૪૨૭૫ ૫૪૨૪૧



**દિલીપભાઈ બી પટેલ**
પ્રમુખ, ઉ.દ. કડવા પાટીદાર સમાજ સેવા ટ્રસ્ટ
મો. ૯૮૯૯૮૯ ૫૬૯૫૭


## પશુબલિના સમર્થનમાં સુપ્રિમ કૉર્ટે કોઈ ચુકાદો આપ્યો નથી : વિજ્ઞાન જાથા

ગાંધીનગર, તા. ૨૫

પશુબલિ સમર્થનમાં સુપ્રિમ કૉર્ટે કોઈપણ પ્રકારનો ચુકાદો જાહેર કર્યો નથી એવી સ્પષ્ટતા જન વિજ્ઞાન જાથા દ્વારા કરવામાં આવી છે.

તામિલનાડુની એક સ્વૈચ્છિક સંસ્થાના સ્વયંસેવક દ્વારા કૉર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી, જેનો છેદ ઉડાડતાં કૉર્ટે પોતાના અવલોકનમાં જણાવ્યું હતું કે ધર્મ, આસ્થા એ લોકોની શ્રદ્ધા સાથે સંકળાયેલી છે અને તેથી કૉર્ટ આ બાબતમાં માથું મારવા માગતી નથી. રાજ્યમાં પશુબલિના સમર્થકોએ સુપ્રિમ કૉર્ટના આ તારણનું ખોટું અર્થઘટન કરતાં જાથા દ્વારા આ સ્પષ્ટતા કરવામાં આવી છે.

જાથાના રાજ્ય ચૅરમૅન જયંત પંડ્યાએ જણાવ્યું છે કે સુપ્રિમ કૉર્ટમાં પશુબલિ સંદર્ભે જે અવલોકન કરવામાં આવ્યું હતું તેનું ખોટું અર્થઘટન કરી ગેરસમજ ફેલાવી પશુબલિમાં માનનારાઓએ જિલ્લા કક્ષાએ સરકારી તંત્રને આવેદનપત્ર પાઠવી પશુબલિ કરવામાં રોકટોક ન કરવી તેવી રજૂઆતો કરી હતી. વાસ્તવિકતા એ છે કે પશુબલિના કિસ્સામાં કાનૂની કડક જોગવાઈઓ અમલમાં છે જ અને કોઈપણ નાગરિક કે જીવદયા પ્રેમી પશુબલિના કિસ્સામાં તંત્ર કે અન્યનો સહયોગ મેળવીને પશુબલિ અટકાવી શકે છે કે આવી બર્બરતા બાબતે ગુન્હો દાખલ કરાવી શકે છે. પશુબલિ અંગે કાનૂનમાં કોઈપણ પ્રકારનો ફેરફાર થયો નથી અને આવી વાતો કોઈ ફેલાવતું હોય તો તેનો કોઈપણ કાનૂની આધાર નથી, આ પ્રકારની વાત કોઈએ માનવી નહીં, એવી સ્પષ્ટતા જન વિજ્ઞાન જાથા દ્વારા કરવામાં આવી છે.

વધુમાં, પશુબલિ અટકાવવાની ઝૂંબેશ જન વિજ્ઞાન જાથાએ ચાલુ રાખી છે, એમ જણાવી પશુબલિના કિસ્સામાં જન વિજ્ઞાન જાથાને પોસ્ટ બૉક્સ નં. ૩૨૫, રાજકોટ-૧ મારફતે અથવા મોબાઈલ નંબર ૯૮૨૫૨ ૧૬૬૮૯ દ્વારા માહિતી પહોંચાડવા માટે પણ પ્રમુખ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## રાંધેજા શ્રેષ્ઠ કન્યા શાળા ખાતે આરતી સુશોભન સ્પર્ધા યોજાઈ



રાંધેજા શ્રેષ્ઠ કન્યા શાળા ખાતે ધોરણ-૧ થી ૮ની વિદ્યાર્થીનીઓ માટે આરતી સુશોભન સ્પર્ધાનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું, જે દરમ્યાન વિદ્યાર્થીનીઓ દ્વારા પોતાની સુશોભન કલા પ્રદર્શિત કરવામાં આવી હતી. વિજેતા વિદ્યાર્થીનીઓને ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

## ભાઈચારાનું સુંદર ઉદાહરણ



શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી મહારાજે દહેગામ ખાતે અલમદિના હાઈટ્સ, જે ફક્ત મુસ્લિમ ભાઈઓ માટેની જ વસાહત છે, તેનું ભૂમિપૂજન કર્યું હતું. આ પ્રસંગે પૂ. મહારાજે જણાવ્યું હતું કે શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા મુજબ વસુધૈવ કુટુંબકમ્, જે માનવધર્મને આગળ રાખીને તેમજ જેનાથી ભાઈચારો અને મિત્રતાની મહેક પ્રસરે છે તેવા સત્યમ્, શિવમ્, સુંદરમ્ના ત્રિવેણી સંગમથી કોમી એખલાસનું અહીં સુંદર દષ્ટાંત ઉભું થયું છે. શ્રી જલાલુદ્દીન બી અનસારી, જુમ્મા મસ્જિત પેશ ઈમાન, નુર આલમ કમરૂજમ્મા શેખ, નાયબ ઈમામ, દાઉદભાઈ શેખ, મુસ્લિમ સમાજ પ્રમુખ, ઉમરામીયા મલેક, મુસ્લિમ સમાજ ઉપપ્રમુખ તથા અગ્રણી પદાધિકારીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સૌએ આદરપૂર્વક સ્વામીજીનું સ્વાગત કર્યું હતું. અલ્પેશભાઈ અમીન આ પ્રસંગે સેતુરૂપ બન્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં માનવ સમૂહ ઉપસ્થિત રહ્યો હતો.

### મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
શાનદાર
૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૫, ૭.૧૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
શાનદાર
૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૫, ૬.૧૦, ૯.૧૫

**સ્ક્રીન-૩**
પ્યાર કા પંચનામા-૨
૧૦.૧૫
તલવાર
૧.૦૦
ગુજ્જુભાઈ ધી ગ્રેટ
૩.૪૫
૧૦ ઈન્દ્રાધુકુલ્લા (તમિલ)
૬.૪૫
શાનદાર
૯.૪૫

**સ્ક્રીન-૪**
શાનદાર
૧૧.૦૦
પ્યાર કા પંચનામા-૨
૧.૪૫, ૪.૪૦, ૭.૩૫, ૧૦.૩૦

# આદ્યશક્તિની આરતીનો ભાવાનુવાદ

સરઢવ ગામના રહેવાસી અને પૂર્વ ધારાસભ્ય, પૂર્વ દંડક વાડીભાઈ પટેલે 'ગાંધીનગર' સમાચારને સુંદર માહિતી પહોંચાડી છે, તે આજે માણીએ : વિક્રમ સંવત ૧૬૨૨માં ખંભાત શહેરમાં શ્રી રાજરાજેશ્વરી મહાલક્ષ્મી માતાજી મંદિરમાં મહાલક્ષ્મીની બાળસ્વરૂપ મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ સમયે કવિ શિવાનંદજીએ આદ્યશક્તિની આરતીની રચના કરી હતી, જે આજે પણ મા અંબાની આરતી તરીકે પ્રચલિત છે. આ આરતીનો ભાવાનુવાદ તેના રચયિતાના મત મુજબ શું હતો તે સમજીએ.

જય આદ્યશક્તિ...

પ્રથમ દિવસે મા જગદંબાએ બ્રહ્માંડની રચના કરી એટલે કે પૃથ્વીલોક અને સાત પાતાળલોક, સાત ઉપરના લોકની રચના કરી એટલે કે બ્રહ્માંડની રચના કરી અને એનું રહસ્ય પંડિતો (ઋષિઓ)એ આરાધના થકી જાણ્યું. જગદંબાએ બ્રહ્માંડમાં બિરાજી શક્તિ દ્વારા સમગ્ર જગતની રચના કરી. એવી ૐના નાદરૂપી મા જગદંબાનો જય હો ! જય હો !

દ્વિતિયા બેય સ્વરૂપ...

બીજા દિવસે તે દેવી શક્તિએ આ ગાઢ રહસ્ય જાણી અને બ્રહ્માંડનો વ્યાપ વધારવા માટે બ્રહ્મા તથા ગણપતિને શક્તિ આપી અને તેણે માના ગુણ ગાયા.

તૃતિયા ત્રણ સ્વરૂપ...

ત્રિભુવન તારણહાર સ્વરૂપે ત્રણ સ્વરૂપમાં બિરાજમાન માને આ સૃષ્ટિનો કારભાર સોંપ્યો, તે ત્રણ સ્વરૂપ એટલે મા મહાકાળી, મા મહાલક્ષ્મી અને મા સરસ્વતી. ત્રણ માએ ત્રિભુવન સંભાળ્યું. આ તારી જ શક્તિ છે અને તું ભવસાગર પાર કરાવીશ તેથી સચરાચર જગતમાં આ ત્રણ માના વ્યાપમાં જગદંબા તું જ અમોને ભવસાગર પાર કરાવીશ.

ચોથે ચતુરા મહાલક્ષ્મી...

જેમને ચાર ભુજાઓ છે એવા શ્રી વિષ્ણુની પત્ની, બુદ્ધિને આપનાર (ચતુરા) મહાલક્ષ્મી કે જે સર્વ જગતમાં, સચરાચર વ્યાપેલા છે તે આજે ગુજરાત પ્રદેશના દક્ષિણ ભાગ-ખંભાતમાં પ્રગટ થયા છે

પંચમી પંચ ઋષિ...

જ્યાં મંદિર બન્યું હતું તે વિસ્તારમાં તે સમયે પાંચ પ્રકારના ઋષિ એટલે બ્રાહ્મણો જેમકે શ્રીમાળી, મોઢનો વસવાટ હતો. તે ગણપદ એટલે લત્તો જેનો ક્રમ પણ પાંચમો હતો અને તે સમયે આ લત્તામાં આશરે પાંચ હજાર માણસોની વસતી હતી. આ સ્થળે બ્રાહ્મણો ઉપરાંત અન્ય પંચ કણકી જેવા કે સોની, વણિક, દરજી વિગેરે જ્ઞાતિના લોકો પણ વસતા હતા, જેને તે સમયની પ્રવર્તમાન ભાષામાં પાંચ તત્ત્વો કહેલા છે. ત્યાં માનું પ્રાગટ્ય થયું છે.

ષષ્ઠી તું નારાયણી...

અહીં જગદંબાના પ્રાગટ્યનું કારણ તે મહિસાસુરનો સંહાર કર્યો તેનું વર્ણન છે. તેમજ સંસારના કારણરૂપ પુરુષ અને સ્ત્રી સ્વરૂપે મનુષ્ય તેમજ પ્રાણીમાત્રમાં માતાજી વ્યાપ્ત છે.

સપ્તમી સપ્ત પાતાળ...

અતળ, વિતળ વિગેરે સાત પ્રકારનાં પાતાળ, સૂરજ ઉગે ત્યારે ઉષા એટલે કે સાવિત્રી, સૂરજ આથમે ત્યારે સંધ્યા, પવિત્ર એવી ગાય, ગંગાજી, ગાયત્રી મંત્ર, ગોરમાના વ્રતમાં જેની પૂજા થાય છે તે ગૌરી અને ગીતાજીમાં પણ તારો વાસ છે.

અષ્ટમી અષ્ટભુજા...

જે દેવી આઠ ભુજાઓ ધરાવે છે અને જેમણે સુરનર એટલે કે રાજાઓ કે શૂરવીર પુરુષો, તપશ્ચર્યા કરતા મુનિઓ, દેવો, દાનવો વિગેરે સર્વ પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન કરતાં આનંદ અનુભવ્યો છે.

નવમી નવકુળ નાગ...

માતા જગદંબાએ નાગનાં નવ કુળ જેમકે તક્ષક ઈત્યાદિ ઉત્પન્ન કર્યાં કે જેઓ પણ માતા નવદુર્ગાની સેવા કરે છે તથા શંકર અને બ્રહ્માજી પણ નવરાત્રી એટલે કે શિવ-જગતની કલ્યાણકારી રાત્રીઓ છે તે દરમ્યાન પૂજન અને અર્ચન કરે છે.

દશમી દશ અવતાર...

ભગવાન વિષ્ણુના દશ અવતાર અને આ અવતારો દરમ્યાન શ્રી વિષ્ણુને કાર્ય પાર પાડવા જે જે શક્તિઓ પ્રગટ થઈ જેમકે વરાહ અવતારમાં વારાહી-વેરાઈ માતા, કચ્છા અવતારમાં જે શક્તિ પ્રગટ થઈ અને જેની અસવારી સિંહ ઉપર છે એવી સિંહ કચ્છપેશ્વરી-શકોતરી, નરસિંહ અવતાર સમયે સ્તંભમાંથી પ્રગટ થયેલી સ્તંભેશ્વરી-ખંભલાઈ વિગેરે દશ સ્વરૂપોના વર્ણન સાથે વિજયાદશમીના દિવસે મહત્ત્વના જે બે બનાવો - ૧) શ્રી રામે વિષ્ણુ ધનુષ્ય ચડાવી શ્રી પરસુરામનો તેજોદ્વેષ કર્યો - શ્રી રામે બીજા રામ એટલે કે પરસુરામને રમાડ્યા, ૨) શ્રી રામે રાવણનો સંહાર કર્યો. આવી આ દશાવતાર રૂપી શક્તિઓ પ્રગટ છે.

એકાદશી અગિયારસ...

એકાદશીનું વ્રત પણ મા જગદંબાનું સ્વરૂપ છે. અન્ય સ્વરૂપે જેવી કે કાત્યાયની, કામદુર્ગા, કાલિકા, શ્યામા એટલે કે રાધા અને રામા એટલે કે સીતા રૂપે વ્યાપ્ત છે.

બારસે બાળા રૂપ...

કન્યા સ્વરૂપ માતા જગદંબા કે જે સર્વ સ્થળે વિચરી રહ્યા છે એવા બહુચરી અંબાજી અને દક્ષયજ્ઞ પ્રસંગે શંકર પત્ની સતીએ અગ્નિ પ્રવેશ કરેલો ત્યારે દક્ષના યજ્ઞનનો ભંગ અને દક્ષનો નાશ કરવા મહાદેવની જટામાંથી બટુક ભૈરવ તથા કાળ ભૈરવ ઉત્પન્ન થયેલા તે બંનેની પણ પ્રતિમાનું આજે સ્થાપન થયું છે તે માટે આવા ભૈરવો તેનું ભજન કરે છે.

તેરસે તુલજા રૂપ...

સંસાર રૂપી સમુદ્રમાંથી તારનારી માતા જગદંબા કે જેના ગુણો બ્રહ્મા, વિષ્ણુ અને શિવજી ગાતા, તે તુલજા સ્વરૂપે જાણીતી છે.

ચૌદશે ચૌદા રૂપ...

સિંહની ઉપર જેની સવારી છે અને ચંડ-મુંડ રાક્ષસોનો નાશ કરનારી માતા ચામુંડા ભક્તો પર કૃપા કરી ભાવના અને ભક્તિ પ્રગટ થાય એવી અમને બુદ્ધિ આપો અને તેના મહાલક્ષ્મી, મહાકાલી, મહાસરસ્વતી, નવદુર્ગા, શ્રીમદ્ ભગવદ અને ગીતા, ગાયત્રી મંત્ર એમ કુલ મળી ચૌદ સ્વરૂપો પણ કહેવાય છે.

પૂનમે કુંભ ભર્યો...

શરદ પૂનમની ચાંદની રાતમાં રેલાતા પ્રકાશથી કેમ જાણે અમૃતનો કુંભ ભર્યો હોય એવી શીતળતા આપતી હે માતા, અમારી કરુણા સાંભળજો, ચંડીપાઠ અને દેવી ભાગવત દ્વારા તેના મહાત્મ્યનું ગાન વશિષ્ટ તથા માર્કંડ ઋષિએ કર્યું છે.

સંવત સોળ સતાવન...

વિક્રમ સંવત ૧૬૨૨ જે સંવત સોળમી સદીના પૂર્વ ભાગમાં છે (સતાવન એટલે સત્ આવન) તે સમયે (ખંભાત શહેર કે જે) ગંગા જેવી પવિત્ર રેવા (નર્મદા)ને કાંઠે જ્યારે ચંદ્ર સોળે કળાએ ખીલ્યો છે તેવી શરદ પૂનમે તેનું પ્રાગટ્ય થયું છે

સ્તંભાવતી નગરી...

જ્યાં આજે પ્રતિષ્ઠા થઈ છે તે સ્તંભાવતી નગરી એટલે કે ખંભાત શહેર કે જેમાં રૂપા (રૂપિયા) વિગેરે સમૃદ્ધિ ધરાવતા લોકો વસતા હોઈ રૂપાવતી નગરી કહેવયા છે, વળી અહીં સમુદ્ર નજીક હોઈ ખારવા-માછીમારોની વસતી પણ છે માટે મત્સ્યાવતી નગરી (મંછાવતી) નગરી પણ કહેવાય છે ત્યાં (પ્રતિષ્ઠા સમયે) આશરે સોળ હજારની વસતી છે અને આ સંખ્યામાં જે કાંઈ વધતી-ઓછી હોય તે માટે કવિ ક્ષમા માગતાં પ્રાર્થના કરે છે કે આવા સુંદર સ્થળે માની પ્રાણપ્રતિષ્ઠા થઈ છે.

શિવશક્તિની આરતી...

શિવ એટલે કે કલ્યાણ કરનારી આ જગદંબાની આરતી જે કોઈ ગાન કરશે તેને સુખ અને સંપત્તિ પ્રાપ્ત થશે, કૈલાસવાસ એટલે કે મોક્ષ પ્રાપ્ત થશે અને માતા અંબાજી આવા ભક્તોનાં દુખ દૂર કરશે.

એકમે એક સ્વરૂપ...

શૈવ સંપ્રદાયમાં માનતા લોકો અને વૈષ્ણવ સંપ્રદાયમાં માનતા લોકો નવરાત્રિ દરમ્યાન બધા એકસાથે મળી મા જગદંબાનું પૂજન અર્ચન કરે છે. પરંતુ જ્યારે નોરતા પૂર્ણ થાય ત્યારે વર્ષ દરમ્યાન પોતપોતાના ઈષ્ટદેવ શંકર અને વિષ્ણુની ભક્તિ કરજો અને શંકર તેમજ વિષ્ણુ બંને એક સ્વરૂપે છે માટે બંને વચ્ચે ભેદદષ્ટિ ન રાખવી.

સૌજન્ય : શિવશક્તિ ધૂણી માતાજી મંદિર, વ્યારા, જિ. તાપી